## જન્મદિને વધામણી


પ્રમોદ જી દવે


ક્રિયા ભરતભાઈ ગોર


રામ કરંજિયા


જયદીપ જાડેજા


ભગીરથ પટેલ


ડેનીશ આફ્રિદિ


રાજન અંકોલિયા

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા

# 'ડૉ. બાબાસાહેબ આંબેડકરનું કાનૂની શિક્ષણમાં યોગદાન' વિષયે પરિસંવાદ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત આદિજાતિ વિકાસના સંયુક્ત ઉપક્રમે સોમવારે ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ઑડિટોરિયમ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું કાનૂની શિક્ષણમાં યોગદાન વિષયે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદની પ્રથમ બેઠકનો આરંભ વંદે માતરમ રાષ્ટ્રગીતથી કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના નિયામક પ્રૉ. ડૉ. બિમલ એન પટેલ દ્વારા સ્વાગત પ્રવચન થયું તેમજ બાબાસાહેબ આંબેડકરે કાનૂન ક્ષેત્રે આપેલા પ્રદાન અને તેના મહિમા વિષે સમજ આપી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાત વિકલાંગ વિભાગના કમિશનર સંજય નંદને બાબાસાહેબના કાનૂન ક્ષેત્રના રાષ્ટ્રીય યોગદાનનો મહિમા સમજાવ્યો હતો.

પ્રૉ. અવિનાશ ભાગીએ આભારવિધિ કરી હતી.

બીજા સત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રૉ. ડૉ. જયપ્રકાશ ત્રિવેદીએ બાબાસાહેબ આંબેડકરના કાનૂની યોગદાન વિષય પર સમીક્ષાત્મક વિદ્યાર્થીભોગ્ય પ્રવચન આપ્યું હતું. ત્રીજા સત્રમાં ડૉ. નિધિ બુચ દ્વારા યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટીઝ, લૉ કૉલેજીસમાં પ્રવેશ અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન ગુજરાત રાજ્ય માહિતી કમિશનર દ્વારા બાબાસાહેબ આંબેડકર ઉપર તૈયાર કરવામાં આવેલી દસ્તાવેજી ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે મહેમાન તરીકે ઉપસ્થિત પ્રૉ. યશવંત વાઘેલાએ વિષય અન્વયે જોગવાઈઓની સમીક્ષાત્મક ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રિસર્ચ ઍસોસિએટ શશીભૂષણ શર્માએ કર્યું હતું. રાજ્યના વિવિધ આદિવાસી વિસ્તારોમાંથી પધારેલા વિદ્યાર્થીઓએ ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી.

# ગુજરાતી હાસ્ય સાહિત્ય અંગે શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩ ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને હાસ્યસાહિત્યની માહિતી અને લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તે હેતુથી ગુજરાતી હાસ્ય સાહિત્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી સાહિત્યના ક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન અંગે માહિતી આપી હતી. ત્યારબાદ ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ હાસ્ય સાહિત્ય એટલે શું ? હાસ્ય સાહિત્યમાં કથાવસ્તુ, પાત્રાલેખન કલા, ભાષાશૈલી અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વક માહિતી આપી વિવિધ સાહિત્યકારોના હાસ્યલેખો વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર જે વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.




મૅજીક હૅટ પ્રિ સ્કૂલ, સૅક્ટર-૨૯ દ્વારા નાતાલ પર્વની ઉજવણી બુધવારે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ સાન્તાક્લૉઝના સ્વરૂપમાં સજીને સ્કૂલ ખાતે આવ્યા હતા. સ્કૂલ દ્વારા ઈસુ જન્મના પ્રસંગોનું મંચન પણ વિદ્યાર્થીઓને સમજાય તેવી ભાષામાં કરવામાં આવ્યું હતું અને ઈસુના સંદેશને પણ વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. શિક્ષકોએ ઈસુ તથા માનવતાનાં ગીતોનું ગાન આ પ્રસંગે વિદ્યાર્થીઓને કરાવ્યું હતું. વાલીઓએ પણ આ પ્રસંગને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માણ્યો હતો.

**(તસવીર : કશ્યપ નિમાવત)**



સ્માર્ટ કિડ્સ પ્રિ સ્કૂલ, સૅક્ટર-૪ દ્વારા ક્રિસમસ પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. સ્કૂલનાં ભૂલકાઓ સાન્તાક્લોઝનાં નાનાં સ્વરૂપમાં સજીને આવ્યાં હતાં, જેમણે સ્કૂલમાં અલૌકિક વાતાવરણ સર્જી દીધું હતું. આ પ્રસંગે વિવિધ ગેમ્સ અને ગીતોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના વાલીઓએ પણ આ ઉજવણીમાં સામેલ થઈ આનંદ માણ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં નાતાલની ઉજવણી



સૅક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં નાતાલ પર્વની ઉજવણી બુધવારના રોજ કરવામાં આવી. નાતાલ આનંદ, પ્રેમ અને ત્યાગનો ઉત્સવ છે તેની ઝાંખી કરાવતા ઈસુના જન્મની વધામણી નાટક દ્વારા કરવામાં આવી. ઉપરાંત નાતાલને અનુરૂપ કેરલ પણ ગાવામાં આવ્યા. આ પ્રસંગે આચાર્ય સિસ્ટર રેણુકાએ વિદ્યાર્થીઓને નાતાલનો સંદેશો આપ્યો હતો. નાતાલની ખુશી વ્યક્ત કરવા વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ક્રિકેટ મેચ પણ રાખવામાં આવી હતી.

# નિવૃત્ત બેન્ક, સરકારી કર્મચારીઓ માટે શનિવારે સાંજે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૩

આગામી રવિવારે બેન્ક અને રાજ્ય, કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓ માટે એક અનોખા વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના સંયોજક તથા દેના બેન્ક રીટાયર્ડ ઍમ્પ્લોઈઝ ઍસોસિએશનના મહામંત્રી ભરત કવિ અને શ્રી મહેન્દ્ર પરીખ નિઃશુલ્ક કાનૂની સલાહકાર કેન્દ્રના ચેરમેન દેવેશભાઈ ભટ્ટ દ્વારા આ માહિતી આપતાં જણાવાયું છે કે સ્વ. શ્રી મહેન્દ્ર પરીખ નિશુલ્ક કાનૂની સલાહકાર કેન્દ્ર, અમદાવાદના ઉપક્રમે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ સચિન ચતુર્વેદી દ્વારા સુખમય જીવન, વિલ-વારસાઈ વગેરે નિવૃત્તોને લગતી બાબતો અંગે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહના અધ્યક્ષસ્થાને ફેડરેશન ઓફ ઓલ બેન્કર્સ રિટાયરીઝ એસોસિએશનના પ્રમુખ એચ એ પરમાર તથા અતિથિવિશેષ પદે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના મહામંત્રી હસમુખભાઈ સોની ઉપસ્થિત રહેશે.

આગામી તા. ૨૭ ડિસેમ્બરના રોજ સાંજે ૪ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ઑડિટોરિયમ, સૅક્ટર-૧૭ ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં ઉપસ્થિત રહેવા તમામ રાષ્ટ્રીય કૃત બેન્કો, રાજ્ય કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કડકડતી ઠંડી અને પરિસંવાદની મોસમ વચ્ચે...




શિયાળાની મોસમ શરૂ થાય એટલે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક જુદી મોસમ શરૂ થતી હોય છે. શિયાળો જેમ જેમ પોતાની ગુલાબી ઠંડીનો અનુભવ કરાવે એમ એ મોસમ પણ તીવ્રપણે પોતાનો અહેસાસ કરાવતી હોય છે. આ મોસમ એટલે પરિસંવાદની મોસમ. ડિસેમ્બરથી માર્ચ મહિના સુધી આ મોસમનો અનુભવ થતો હોય છે અને અધ્યાપકો મોસમનો લ્હાવો ક્યારેક આનંદથી તો ક્યારેક પરાણે લૂંટતા હોય છે. પરાણે એટલા માટે કે યુજીસીએ કહ્યું છે અને અમુક કામ કરવું જ પડે એની ફરજરૂપે અધ્યાપકો પરિસંવાદમાં મ્હાલતા હોય છે. હમણાં જુદા-જુદા વિષયમાં, જુદા-જુદા ક્ષેત્રમાં ગુજરાતની ઘણીબધી કૉલેજોમાં પરિસંવાદના આયોજનો થઈ રહ્યાં છે. રાજ્ય સ્તર, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરના આ પરિસંવાદોમાં મોટી સંખ્યામાં અધ્યાપકો ભાગ લેતા હોય છે. આ પ્રકારના આયોજનોથી એક છાપ એવી ઊભી થાય કે જિજ્ઞાસુ અધ્યાપકોની સંખ્યા વધી રહી છે. પણ કડવી હકીકત એ છે કે આ સંખ્યા પ્રમાણપત્ર મેળવવા સુધી સીમિત રહે છે. જ્ઞાનોપાર્જન એમાં કેટલું થાય છે એ તો જે તે આયોજક સંસ્થા અને ભાગ લેનાર અધ્યાપકોને પૂછીએ ત્યારે ખબર પડે.

ઈડર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં હમાં 'લોક મેં કબીર' વિષયનો આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં શબ્દ, રંગ, સૂર દ્વારા કબીરના સર્જન કર્મને, કબીરના વ્યક્તિત્વને પામવાનો સરાહનીય પ્રયત્ન થયો હતો. સામાન્ય રીતે ઉદ્ઘાટન બેઠક પછી પરિસંવાદમાં સંખ્યા શોધવા જવી પડતી હોય છે પણ અહીં પ્રમાણમાં એવું ઓછું થયું હતું. ઈડર કૉલેજ ઉપરાંત હવે રાધનપુર કૉલેજમાં રામાયણને કેન્દ્રમાં રાખીને એક પરિસંવાદનું આયોજન થયું છે તો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો તુલનાત્મક સાહિત્ય વિભાગ પણ 'તુલનાત્મક સાહિત્ય'ને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન ફેબ્રુઆરીમાં કરી રહી છે. ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ ૯ જાન્યુઆરીએ રાજ્ય સ્તરનો 'સાહિત્ય પુરાકલ્પન' વિષય પર પરિસંવાદ યોજી રહી છે. ગૂજરાત વિદ્યાપીઠની રાંધેજા સ્થિત કૉલેજ 'રીસર્ચ મૅથડોલૉજી ઈન સોશિયલ સાયન્સ' પર વર્કશૉપ આયોજન કરી રહી છે. આ તો સાહિત્ય અને સમાજશાસ્ત્રના સંદર્ભમાં વાત થઈ. આ ઉપરાંત વિજ્ઞાન અને વાણિજ્યના ક્ષેત્રમાં પણ ઠેર-ઠેર પરિસંવાદોનું, શિબિરોનું, વર્કશૉપનું આયોજન થઈ રહ્યું છે.



અધ્યાપકલક્ષી પરિસંવાદો ઉપરાંત વિદ્યાર્થીલક્ષી શિબિરોનું આયોજન પણ થઈ રહ્યું છે. મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ૧૮-૨૦ જાન્યુઆરી દરમ્યાન ગુજરાતી નાટકને કેન્દ્રમાં રાખીને વાચન શિબિરનું આયોજન કરી રહી છે. મુદ્દો એ છે કે ડિસેમ્બરથી માર્ચ સુધી ગુજરાતમાં અને દેશમાં પણ ઠેર-ઠેર આવાં આયોજનો જોવા મળે છે. માર્ચ સુધીમાં ગ્રાન્ટ પૂરી કરવાની હોય છે એટલે માર્ચ મહિનામાં આવાં આયોજનોની સંખ્યા વધી જાય છે. આવાં આયોજનો થાય એની સામે વાંધો તો શો હોઈ શકે? પરંતુ એમાંથી નિષ્પન્ન શું થાય છે, એ પ્રશ્ન છે. યુજીસીએ કહ્યું છે એટલે માત્ર ક્રિયાકાંડ બનીને પરિસંવાદ અટકી તો નથી જતો ને? સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પરિસંવાદને અંતે (અને ક્યારેક તો આરંભે જ) આપવામાં આવતાં પ્રમાણપત્રોથી વાત આગળ વધતી નથી. એ પ્રમાણપત્ર મળવામાં કે મેળવવામાં જ પરિસંવાદની ઈતિશ્રી સિદ્ધ થતી હોય છે. આયોજકોને પણ રજિસ્ટ્રેશન ફીમાં જ રસ હોય એમ પ્રમાણપત્રોની રીતસર લ્હાણી થતી હોય છે. મુદ્દો એ છે કે જ્યારે આયોજન કરવામાં આવે છે, ખર્ચો કરવામાં આવે છે, વિદ્વાન વક્તાઓને નિમંત્રણ આપવામાં આવે છે ત્યારે એમાંથી કશુંક નિષ્પન્ન થાય એવો પ્રયત્ન કેમ નથી થતો ? બાકી તો ગુલાબી ઠંડી વચ્ચે લગ્નમાં મ્હાલતા હોઈએ એમ પરિસંવાદમાં મ્હાલવાથી કશું હાથમાં આવે એમ નથી કે ઠંડી પણ ઊડવાની નથી!

શ્રી વી એમ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર દ્વારા

# નાતાલ પર્વની ઉજવણીમાં વિદ્યાર્થીઓ આનંદથી ઝૂમ્યા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી વી એમ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમમાં બુધવારે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ ઈસુ ખ્રિસ્તના જન્મદિવસની ઉજવણી નિમિત્તે મનપસંદ એવા શાંતાક્લોઝ અને મધર મેરીનાં પાત્રો ઊભાં કરી એમના શુભ સંદેશાને યાદ કર્યા હતા. શિક્ષકોએ ભૂલકાઓ સાથે ક્રિએટીવ ઝોનમાં ડાન્સ કરી આનંદની વહેંચણી કરી હતી. બાળકોને ચૉકલેટની વહેંચણી કરીને મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું.